# આજથી શહેરના મંદિરોમાં ફરી ઘંટારવ ગુંજી ઉઠશે

**એક સાથે ૫૦થી વધુ દર્શનાર્થીઓ મંદિરમાં એકત્રિત ન થાય તેવી એસઓપી સાથે સરકારે છુટ આપતાં છેલ્લાં બે મહિનાથી બંધ મંદિરોના દરવાજા ભક્તો માટે ખૂલશે : મંદિરોને સેનિટાઇઝ કરવાની પ્રક્રિયા હાથ ધરાઇ**

ગાંધીનગર, તા.૧૦

ગત માર્ચ-એપ્રિલમાં કોરોના સંક્રમણની અત્યંત ઘાતક બનેલી બીજી લહેર પછી છેક હવે કેસોમાં ઘટાડો થવાને પગલે પરિસ્થિતિ હળવી બનવા પામી છે જેને અનુલક્ષીને સરકાર દ્વારા વિવિધ છૂટછાટો જાહેર કરવામાં આવી છે. ગઈ કાલે સરકારે જાહેર કરેલી માર્ગદર્શિકા અનુસાર આવતીકાલથી શહેરમાં ધાર્મિક સ્થળો ખુલવા જઈ રહ્યાં છે જેના કારણે છેલ્લાં બે મહિનાથી બંધ શહેરના મંદિરોમાં શુક્રવારથી ફરી એકવાર ઘંટારવ ગૂંજી ઉઠશે અને ભાવિક શ્રદ્ધાળુઓ પોતાના ઈષ્ટદેવનાં દર્શન કરી શકશે. જોકે એક સમયે એક સાથે ૫૦થી વધુ દર્શનાર્થીઓ મંદિરમાં એકત્રિત ન થાય તેવી સરકારની એસ.ઓ.પી.નું પાલન કરાવાનું રહેશે. હાલ તો ધાર્મિક સ્થળોના સંચાલકો દ્વારા શ્રધ્ધાળુઓની સલામતી માટે સૅનિટાઈઝેશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

ફેબ્રુઆરી માસ પછી અચાનક રાજ્યમાં કોરોના સંક્રમણના કેસોમાં વધારો થવા લાગ્યો હતો અને માર્ચ એપ્રિલમાં તો કોરોનાની બીજી લહેરે ભારે આતંક



મચાવ્યો હતો જેના પગલે સરકારને આંશિક લોકડાઉન લાદવાની ફરજ પડી હતી જે અંતર્ગત શહેરના તમામ ધાર્મિક સ્થળો બંધ કરી દેવાયાં હતાં.

હવે જયારે કોરોના કેસોની સંખ્યામાં ખૂબ જ નોંધપાત્ર ઘટાડો થવા પામ્યો છે જેના કારણે સમગ્ર ગુજરાત આંશિક લોકડાઉનમાંથી ધીમે ધીમે આત્મવિશ્વાસ સાથે અનલોક તરફ આગળ વધી રહ્યું છે. ગઈ કાલે કોર સમિતિની બેઠક બાદ સરકારે રાજ્યમાં વિવિધ છૂટછાટો જાહેર કરી હતી જે અંતર્ગત તા.૧૧મી જુન શુક્રવારે સવારે ૬ વાગ્યાથી ધાર્મિક સ્થળો પરના નિયંત્રણો હળવા થઈ રહ્યાં છે. શહેરના પંચદેવ મંદિર સહિત મસ્જિદ, ચર્ચ સહિતના તમામ ધાર્મિક સ્થળો જાહેર જનતા માટે દર્શનાર્થે ખુલ્લાં થશે આ અંગે શહેરના વિવિધ મંદિર ટ્રસ્ટ દ્વારા પણ તેની જાહેરાત કરવામાં આવી છે.

આજે શહેરના વિવિધ સેક્ટરોમાં આવેલા નાના મોટા મંદિરોને મંદિર સંચાલકો દ્વારા સેનિટાઈઝ કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. છેલ્લાં બે મહિનાથી બંધ મંદિરોના દરવાજા ભક્તો માટે આવતીકાલથી ખૂલી રહ્યાં છે જેનો શ્રદ્ધાળુઓમાં આનંદ વર્તાઈ રહ્યો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં સફાઈ કામદારોની હડતાળ ક્ષણિક આજે પડી હતી.
- ગાંધીનગર જિલ્લા ભાજપના નવા સંગઠ્ઠનમાં સ્થાન મેળવવા કાર્યકરોએ દોડધામ શરૂ કરી દીધી છે.
- ફાયર એન.ઓ.સી. સહિત હવે ૧૫મી જૂનથી ઓનલાઈન એપ્લીકેશન થઈ શકશે. આ માટે નવું મોડ્યુઅલ તૈયાર કરી દેવાયુ છે.
- મહાત્મા ગાંધી શાંતિ પુરસ્કાર માટે જિલ્લાતંત્ર દ્વારા અરજીઓ માંગવામાં આવી છે.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૯૪૨ લોકોને વેક્સિનેશન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં લેન્ડ કમિટીની બેઠકો નિયમિત યોજવા માટે જિલ્લા વિકાસ અધિકારીએ તાકીદ કરી છે.
- વિદેશ જવા ઈચ્છુક ૫૬ લોકોને સે. ૨ ખાતે વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- શહેરમાં ૪૨૦૦ લોકોને વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા છે.
- રાજયના આરોગ્ય વિભાગે કોવિડની સ્થિતિ અને વેક્સિનેશન અભિયાન અંગે વી.સી. કરી સમીક્ષા કરી હતી.

## અડાલજમાં ગટર ઉભરાવાની ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૦

અડાલજ સ્થિત ઓમ પાશ્વનાથ ફલેટમાં ગટર ઉભરાવાના કારણે રહિશોને મુશ્કેલીઓ ઉભી થઈ છે. ફલેટના સ્થાનિક રહિશોનું કહેવું છે કે છેલ્લા બે મહિનાથી ગટર ઉભરાય છે અને આ બાબતે અડાલજમાં તલાટીને અરજી આપી હતી જેનું હજી સુધી કોઈ જ નિરાકરણ થયુ નથી. તલાટી ખોટા જવાબ આપે છે તેવો રહિશોનો આક્ષેપ છે. ગટરની દુર્ગંધના કારણે ફલેટના રહિશોને રહેવામાં મુશ્કેલી પડે છે તેથી રહિશોની આ સમસ્યાનું નિરાકરણ જેમ બને તેમ જલદી થઈ જાય તેવી માંગણી છે.

## સેકટર-૩ ખાતે દર રવિવારે સહજ ધ્યાનયોગનું આયોજન

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સેકટર-૩ ખાતે એસએસવી કેમ્પસમાં દર રવિવારે સવારે ૧૦ વાગ્યાથી પૂ. માતાજી નિર્મલાદેવી પ્રેરિત સહજ યોગ ધ્યાન પદ્ધતિનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે જેનું વિનામૂલ્યે લાભ લેવા માટે શહેરીજનોને આયોજકો દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. સહજ યોગ ધ્યાન પદ્ધતિ અત્યંત સરળ, વિનામૂલ્યે, તત્ક્ષણ પરિણામની અનુભૂતિ સાથે સર્વ ધર્મ સમભાવની ભાવના સાથે સ્વયંના ગુરુ બનવાની તક પૂરી પાડે છે જે વિશ્વના તમામ ખૂણે સરળતાથી ઉપલબ્ધ છે.

# શાળા શિક્ષણ ક્ષેત્રે ગુજરાતની દેશભરમાં અભિનવ પહેલ

**છેવાડાના ગામની શાળાના વર્ગખંડના વિદ્યાર્થીની ઓનલાઇન હાજરી-પરીક્ષા-અભ્યાસ મોનિટરીંગ માટે અદ્યતન ટેક્નોલોજીયુક્ત કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ૨.૦ નો મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ગાંધીનગરમાં લોકાર્પણ**

ગાંધીનગર, તા. ૧૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના છેવાડાના ગામના વર્ગખંડના બાળક સુધીના વિદ્યાર્થીઓના અભ્યાસ, હાજરી, પરીક્ષા અને શિક્ષણ વ્યવસ્થાના રિયલ ટાઈમ મોનિટરીંગની ગુજરાતની અભિનવ પહેલ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર-૨.૦નું ગાંધીનગરમાં લોકાર્પણ કર્યુ હતું.

સમગ્ર દેશમાં ગુજરાતે પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સુધી ક્વોલિટી એજ્યુકેશન, વિદ્યાર્થી હાજરી, શિક્ષક સજ્જતાને ટેકનોલોજીના માધ્યમથી મોનિટરીંગ કરવા સહિતની વ્યવસ્થાઓ આ કમાન્ડ કંટ્રોલ સેન્ટર ૨.૦ દ્વારા વિકસાવી છે તેમ મુખ્યમંત્રીએ ગૌરવ સહ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ કહ્યું કે પ્રાથમિક શિક્ષણનો પાયો સુદ્રઢ-મજબૂત કરીને શિક્ષણ દ્વારા જ વિકાસને વધુ તેજ બનાવી શકાશે તે પ્રાથમિકતા સ્વીકારીને રાજ્ય સરકારે રિયલ ટાઈમ મોનિટરીંગ, પ્રાથમિકથી લઈને હાયર એજ્યુકેશન સુધી ૧૦૦ ટકા પ્રવેશ, શૂન્ય ટકા ડ્રોપ આઉટ રેશિયોની નેમ સાથે ગુણોત્સવ અને શાળા પ્રવેશોત્સવ જેવા આયામોને આ નવિન ટેકનોલોજી સાથે જોડયા છે.

શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજયમંત્રી વિભાવરીબહેન દવે તેમજ શિક્ષણ સચિવ વિનોદ રાવ સર્વ શિક્ષા અભિયાનના મિશન ડિરેકટર ભારતીબેન અને શિક્ષણના વરિષ્ઠ અધિકારીઓ આ પ્રસંગે મુખ્યમંત્રી સાથે જોડાયા હતા.






## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



**બહેન, બાબો ભલે ચોથામાં રહ્યો... મારી પાસે પાંચમાની બૂક્સ પડી છે એ સસ્તામાં આપી દઉ... આમેય ત્રીજી લહેર આવશે તો એમ જ પાસ થઈ જવાના છે...!!**

## સંકુલ સાદરામાં કારકિર્દી માર્ગદર્શન વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૧૦

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના રા.સે. યોજના એકમ દ્વારા આઝાદીનો અમૃત મહોત્સવ અંતગર્ત - તા. ૯ જુન ૨૦૨૧ ના દિવસે ''સ્નાતકોત્તર અભ્યાસની તકો'' વિષય અંતર્ગત એક વિશિષ્ટ વેબીનારનું આયોજન થયું હતુ. જેમાં ગુજરાતભરની વિવિધ યુનિવર્સિટીઓના અધ્યાપકો વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ગુજરાત વિદ્યાપીઠના ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગના અધ્યક્ષ પ્રો. ડૉ. કનૈયાલાલ નાયકે વિદ્યાર્થીઓને ઈતિહાસ વિષય એ વૈશ્વિક વિષય છે જે વિદ્યાર્થીઓને વૈશ્વિક પ્રવાહોથી જ્ઞાત કરે છે. જો વિદ્યાર્થી અભ્યાસુ અને વાંચન અભિમુખ થઈ કાર્ય કરે તો તે મલ્ટી ડિસિપ્લિનરી અને પ્રવાસન જેવા ક્ષેત્રોમાં હોનહાર કારકિર્દી બનાવી શકે. સ્નાતક પછી વિદ્યાર્થી એમ.એ, એલ.એલ.બી, પીએચડી, પત્રકારત્વ, એમ.એ ગાંધીવિચાર વગેરે ઘણા વિષયોમાં કારકિર્દી બનાવી શકે છે તેવી સુંદર માહિતી આપી હતી.

# ચિલોડા નજીક મહુન્દ્રા પાટીયા પાસેથી મોબાઈલ ટાવરોની બેટરી ચોરી કરતી ગેંગ ઝડપાઈ

**પોલીસે નંગ-૧૦૦ બેટરી, ચોરી કરવાના સાધનો, પીકઅપ ડાલુ મળી કુલ રૂ.૮.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત, ૪ બેટરી ચોરીના ગુનાનો ભેદ ઉકેલાયો**

છેલ્લા કેટલાક સમયથી મોબાઈલ ટાવરો અને ટેલીફોન એક્ષચેન્જના તાળુ તોડીને બેટરીઓની ચોરી કરી તરખાટ મચાવનાર ગેંગને ચિલોડા નજીક મહુન્દ્રા પાટીયા પાસેથી ચિલોડા પોલીસે પકડી પાડી છે. પોલીસે ૧૦૦ બેટરી, પીકઅપ ડાલુ અને મોબાઈલ મળી કુલ રૂ.૮.૨૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે. જયારે મુખ્ય સુત્રધાર ભાગી જવામાં સફળ થયો હતો. પોલીસે ૪ આરોપીની અટકાયત કરી બેટરી ચોરીના ૪ ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી ચિલોડા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.એમ.હુદડના માર્ગદર્શન હેઠળ સ્ટાફના કર્મચારીઓ ચિલોડા-હિંમતનગર હાઈ વે પર પેટ્રોલીંગ કરી રહ્યા હતા. તે સમયે હિંમતનગર તરફથી રોકેટ ગતિએ આવતા પીકઅપ ડાલા નં.જી.જે.૨૭.એક્સ.-૮૦૪૧ ને પોલીસે મહુન્દ્રા પાટીયા પાસે પીછો કરીને પકડી પાડ્યું હતું. જેમાં જીપમાંથી ઉતરીને એક શખ્સ ભાગી ગયો હતો. જયારે પાંચ શખ્સો પકડાઈ ગયા હતા. જેમાં રામેશ્વરનાથ ચકોનાથયોગી, ભગવતીલાલ ગુર્જર, પુરણનાથ ભીમનાથ યોગી અને ઉદેનાથ ધર્માનાથ યોગી (તમામ રહે. એણાસણ ગામ, અમદાવાદ) નો



સમાવેશ થાય છે.જયારે કાયદાના સંઘર્ષમાં આવેલ એક કિશોર પણ મળી આવ્યો હતો.જયારે પીકઅપ ડાલામાંથી ભાગી ગયેલા શખ્સ વિશે પુછતા તે મોડાસાનો દીપક ગુર્જર (રહે.મોડાસા) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આ શખ્સોને સાથે રાખી તપાસ કરતા ગાડીમાંથી મોબાઈલ ટાવરોની બેટરીઓ ભરેલી મળી આવી હતી. આ બેટરીઓ અંગે પકડાયેલા શખ્સોની પુછતાછ કરતા તેઓ ગલ્લા-તલ્લા કરવા લાગ્યા હતા. પોલીસને જીપડાલામાંથી ૧૦૦ બેટરીઓ મળી આવી હતી. જેમાં એસાઈટ કંપનીની કુલ ૪૫, માઈક્રોટેક્ષ કંપનીની બેટરી નંગ-૩૧ તેમજ એસબી એલ કંપનીની નંગ-૨૩ બેટરી મળી આવી હતી. પોલીસે રૂ. ૫ લાખની ૧૦૦ નંગ બેટરી, રૂ.૨૦હજારના ૬ નંગ મોબાઈલ અને બેટરી ખોલવા માટે પાના પક્કડ, ડીસમીસ નંગ-૫, કટર, જીપડાલુ કિ.૩ લાખ મળી કુલ રૂ.૮.૨૦.૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓની અટકાયત કરી વધુ પુછપરછ હાથ ધરી હતી.

મોબાઈલ ટાવરની બેટરીઓ અંગે પોલીસે પુછતા પકડાયેલા શખ્સોએ હિંમતનગર-મહેસાણા માર્ગ પર આવેલા ગામના મોબાઈલ ટાવરમાંથી ચોરી કરી હોવાનું જણાવ્યું હતું. જેથી હિંમતનગર પોલીસ મથકે તપાસ કરતા સતનગર અને નવાનગર ગામમાંથી બીએસએનએલ કંપનીના ટાવર તેમજ એક્ષચેંજમાંથી બેટરીઓ ચોરી થઈ હતી.

એલસીબી-૨ પોલીસે શખ્સોની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા પાંચ દિવસ પહેલા રખીયાલ ટેલીફોન એક્ષચેંજની ઓફીસમાંથી કુલ-૭૨ બેટરીઓ અને ગલુદણ ગામના મોબાઈલ ટાવરમાંથી બેટરીઓ ચોરી કરી હતી. જયારે થોડા સમય પહેલા ચંદ્રાલા ગામના મોબાઈલ ટાવરમાંથી બેટરીની ચોરી કરી હોવાની કબુલાત શખ્સોએ કરી હતી. જયારે શખ્સોએ જણાવ્યું હતું કે ભાગી ગયેલો દિપક ગુર્જર તેઓને વિવિધ ગામમાં લઈ જતો હતો. તે ગામના મોબાઈલ ટાવરની બેટરીઓ ચોરી કરાવતો હતો. દરેક વ્યકતિને એક રાતના રૂ.૩ હજાર ચુકવતો હતો. પોલીસે શખ્સોને વધુ તપાસ માટે રખીયાલ પોલીસ મથકને સોંપવામાં આવ્યા છે. આ શખ્સોની પુછતાછમાં વધુ ચોરીના ગુનાના ભેદ ઉકેલાય તેવી શક્યતાઓ છે.

માસ્ક સાથે બે ગજનું અંતર જાળવીએ   આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

**રાજ્યના ૭૧.૫૪ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૭ કરોડ જનસંખ્યાને જૂન મહિનામાં રાહતદરના નિયમિત વિતરણ ઉપરાંત**



**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ વધારાના અનાજનું આજથી વિનામૂલ્યે વિતરણ**



**જૂન મહિનાના વિતરણનો તા.૧૧ જૂન-૨૦૨૧, શુક્રવારથી પ્રારંભ**

**પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના**

“રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા” હેઠળના NFSA (AAY+PHH) રેશનકાર્ડ ધારકને જૂન-૨૦૨૧માં રાહતદરનાં નિયમિત જથ્થા ઉપરાંત “પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના” હેઠળ વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા. ઘઉં અને ૧.૫ કિ.ગ્રા. ચોખા વિનામૂલ્યે મળશે

અન્ન વિતરણ વ્યવસ્થા સરળતાથી કાર્યરત રહે તે માટે તા.૧૧ જૂન થી ૨૦ જૂન-૨૦૨૧ દરમ્યાન રાહતદરનું નિયમિત વિતરણ અને “પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના”ના વિનામૂલ્યે વિતરણના દિવસો નિર્ધારીત રહેશે, (રેશનકાર્ડ બુકલેટ નંબરમાં પાછલા આંકડાની સંખ્યા એટલે કે છેલ્લે ૨૧ હોય તો ૧ નંબર સમજવો)

રેશનકાર્ડ બુકલેટ નંબર : XXXXX XXXX1

**NFSA રેશનકાર્ડ બુકલેટ નંબરમાં**

છેલ્લા આંકડાનો નંબર ૧ હોય તેમને તા. ૧૧ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૨ હોય તેમને તા. ૧૨ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૩ હોય તેમને તા. ૧૩ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૪ હોય તેમને તા. ૧૪ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૫ હોય તેમને તા. ૧૫ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૬ હોય તેમને તા. ૧૬ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૭ હોય તેમને તા. ૧૭ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૮ હોય તેમને તા. ૧૮ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૯ હોય તેમને તા. ૧૯ જૂન
છેલ્લા આંકડાનો નંબર ૦ હોય તેમને તા. ૨૦ જૂન

અનિવાર્ય સંજોગોમાં જો કોઈ લાભાર્થી નિયત કરેલ દિવસે વાજબી ભાવની દુકાનેથી તેઓને મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો મેળવી ન શકે તો તેઓ તા.૨૧ જૂન થી ૩૦ જૂન ૨૦૨૧ સુધીમાં વાજબી ભાવની દુકાન ખાતેથી મેળવી શકશે.

**જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઘઉં, ચોખા, તુવેરદાળ, બાજરી, મકાઈ, ખાંડ અને મીઠાનું જૂન મહિનાનું નિયમિત વિતરણ**

| ક્રમ | વસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા | જિલ્લા |
|---|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૨૫ કિ.ગ્રા | ૨.૦૦ | બનાસકાંઠા, મહેસાણા, પાટણ, કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, મહિસાગર, અને આણંદ સિવાયના જિલ્લા માટે |
| ૨ | ઘઉં | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૩.૫ કિ.ગ્રા | ૨.૦૦ | |
| ૩ | ઘઉં | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા | ૨.૦૦ | બનાસકાંઠા, મહેસાણા, પાટણ, કચ્છ, સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ, મહિસાગર, અને આણંદ જિલ્લા માટે |
| ૪ | ઘઉં | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | ૨.૦૦ | |
| ૫ | બાજરી | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા | ૧.૦૦ | બનાસકાંઠા, મહેસાણા, પાટણ, કચ્છ, મહિસાગર અને આણંદ જિલ્લા માટે |
| ૬ | બાજરી | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૧.૫ કિ.ગ્રા | ૧.૦૦ | |
| ૭ | મકાઈ | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૫ કિ.ગ્રા | ૧.૦૦ | સાબરકાંઠા, અરવલ્લી, પંચમહાલ જિલ્લા માટે |
| ૮ | મકાઈ | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૧.૫ કિ.ગ્રા | ૧.૦૦ | |
| ૯ | ચોખા | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧૦ કિ.ગ્રા | ૩.૦૦ | તમામ જિલ્લા |
| | તુવેરદાળ | | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૬૧.૦૦ | |
| ૧૦ | ચોખા | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૧.૫ કિ.ગ્રા | ૩.૦૦ | |
| | તુવેરદાળ | | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૬૧.૦૦ | |
| ક્રમ | વસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
| ૧૧ | ખાંડ નિયમિત | અંત્યોદય | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | | ૧૫.૦૦ |
| ૧૨ | ખાંડ નિયમિત | બીપીએલ | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | | ૨૨.૦૦ |
| ૧૩ | આયોડાઈઝ મીઠું | અંત્યોદય અને બીપીએલ | ૬ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૬ થી વધુ વ્યક્તિ માટે કાર્ડદીઠ ૨ કિ.ગ્રા | | ૧.૦૦ |
| ૧૪ | કેરોસીન | કેરોસીન પાત્રતા ધરાવતા બીપીએલ અને અંત્યોદય કાર્ડધારકો | વ્યક્તિદીઠ ૨ લીટર / મહત્તમ ૮ લીટર | | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહતદરે (પ્રતિ લીટર) |

**“વન નેશન, વન રેશનકાર્ડ યોજના”**

1 Nation Ration Card

દેશના કોઈપણ N.F.S.A. રેશનકાર્ડ ધારક પોતાના કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ પ્રસ્થાપિત કરીને સમગ્ર રાજ્યમાં કોઈપણ વાજબી ભાવની દુકાનેથી અન્ન પુરવઠો મેળવી શકશે

“વન નેશન વન રેશનકાર્ડ યોજના” હેઠળ N.F.S.A. રેશનકાર્ડ ધારક Google Play Store પરથી “मेरा रेशन” મોબાઈલ એપ્લીકેશન ડાઉનલોડ કરી તેઓની નજીકની વાજબી ભાવની દુકાન અને મળવાપાત્ર રાશન સંબંધિત વિશેષ જાણકારી મેળવી શકે છે.

**કોઈપણ લાભાર્થી અન્ન વિતરણથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.**
**- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત**